# ANAND EDUCATION COLLEGE, ANAND

- માતૃભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ
- ડૉ.શેતલબેન.બી.ખૈર
- (અધ્યાપક સહાયક)

# માતૃભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

- **1. વર્ણન:**
- ભાષા શિક્ષણમાં અમૂર્ત કે મૂર્ત બાબતો શીખવવા માટે ઘણી વખત વર્ણન કરવાની જરૂર પડે છે. શિક્ષક યોગ્ય હાવભાવ, દૃષ્ટાંતો, આરોહ-અવરોહ દ્વારા વિષયવસ્તુના મુદ્દાનું વર્ણન કરી પ્રો શૈક્ષણિક કાર્યને અસરકારક બનાવે છે. ‘હિમાલયના પ્રાકૃતિક સૌંદર્યનું વર્ણન’ આવા મુદ્દાને અસરકારક રીતે શીખવી શકે છે.

# માતૃભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

- **2. વાર્તા:-** વાર્તા નાના મોટા સૌને ગમે છે. ભાષા શિક્ષણમાં વાર્તા ખૂબ જ અગત્યની બાબત છે. હાવભાવ સાથે પ્રભાવી રીતે વાર્તાકથન દ્વારા શિક્ષક વર્ગખંડના શિક્ષણો પ્રભાવી બનાવી શકે છે.
- **3. વ્યાખ્યા:-** ખૂબ જ જૂની, બહુ પ્રચલિત અને શિક્ષક માટે હાથવગી આ પદ્ધતિ છે. વ્યાખ્યાન સરલ અને અસરકારક બને તો જ સફળતા પ્રાપ્ત થાય છે. નીરસ અને માત્ર માહિતી પ્રચૂર વ્યાખ્યાનથી કંટાળો આવે છે. મોટા ધોરણોમાં ખૂબ જ ઉપયોગી છે.

# માતૃભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

- 4. પ્રશ્નોત્તરી:- પ્રશ્નોત્તરી એ ખૂબ જ પ્રાચીન અને પ્રભાવી શિક્ષણ પદ્ધતિ છે. વિદ્યાર્થીના પૂર્વજ્ઞાન તપાસના, તુલના કરવા, મૂલ્યાંકન કરવા આ પદ્ધતિ ખૂબ ઉપયોગી છે. પ્રતિભાવાન શિક્ષક હાવભાવ સાથે પ્રભાવી રીતે પ્રશ્નો પૂછીને વિદ્યાર્થીઓ પાસેથી માહિતી કઢાવવા ઘણી નવી નવી માહિતી આપી પણ શકે છે. નાના અને મોટા બંને ધોરણો પ્રભાવી શિક્ષણ પદ્ધતિ છે.

# માતૃભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

- **5. વાદ-વિવાદ (ડિબેટ)**:- વિદ્યાર્થી મુક્તપણે અભ્યાસના વિવિધ મુદ્દાઓની સભામાં દલીલો કરે છે. વિરુદ્ધ અને તરફેણમાં ચાલતી દલીલો અને ચર્ચાના મધ્યમથી જ્ઞાન આદાન પ્રદાનની પ્રક્રિયા થાય છે. સમાજમાં ચાલતા કેટલાંક સળગતા મુદ્દાએ અંગે ચર્ચા કહી શકાય છે.
- **6. જૂથ ચર્ચા**:- વિષય વસ્તુના પાંચથી છ વિભાગો પાડી એટલી જ જૂથમાં વિદ્યાર્થીઓ વહેંચવામાં આવે છે. ચર્ચા કરવાની કામગીરી સોંપવામાં આવે છે.

# માતૃભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

- **7. પેનલ ચર્ચા** :- આ પદ્ધતિઓ હેતુ જે તે વિષયના તજ્ઞ વ્યક્તિઓના વિચારોથી વિદ્યાર્થીઓએ માહિતગાર કરવા માટે આ પદ્ધતિનો અસરકારક રીતે ઉપયોગ થઈ શકે છે. મોટા ભાષણો હોતા નથી પણ વિશેષજ્ઞો ચર્ચાઓ કરે છે. આ ચર્ચાઓ ખૂબ જ સ્વાભાવિક હોય છે. શ્રોતાઓ પ્રશ્નો પૂછી શકે છે. પેનલ તેમના જવાબો આપે છે. પેનલના અધ્યક્ષ ચર્ચાનું સમાપન કરે છે.

# માતૃભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

- **8. સેમિનાર**:- શિક્ષકની દેખરેખ નીચે કોઈ કઠિન વિષયનો અભ્યાસ અને ચર્ચા કરનારું મંડળ કે કોઈ એક વિષય પર વિચાર વ્યક્ત કરવા એકત્રિત થયેલા વિશેષજ્ઞોનું સંમેલન એટલે સેમીનાર શાળાના દરેક ધોરણના તેજસ્વી વિદ્યાર્થીઓને શિક્ષક નિશ્ચિત વિષયાંગનું સંદર્ભ સાહિત્ય આપી જરૂરી માર્ગદર્શન આપે અથવા વર્ગના પાંચ-સાત તેજસ્વી વિદ્યાર્થીઓને કોઈ એકમ કે મુદ્દા સંદર્ભ સાહિત્ય આપી સ્વઅધ્યયન કરવાનું કહેવામાં આવે. વિદ્યાર્થીએ પૂરતી તૈયારી સાથે વર્ગ સમક્ષ મુદ્દાની છણાવટ કરે. તેમાંથી જ એકાદ અધ્યક્ષ બને. વક્તા પરિચય, વિચાર પ્રસ્તુતિ અને સમાપન વગેરેનો ક્રમ સચવાય. વર્ગમાંથી સાંભળનાર સમૂહ પણ પ્રશ્ન પૂછે વિશેષજ્ઞ વિદ્યાર્થી જવાબ આપે આવી પદ્ધતિને સેમિનાર પદ્ધતિ કહેવામાં આવે છે.

# માતૃભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

- 9. પરિસંવાદ:- કોઈ એક ઘટના કે બનાવની અલગ અલગ દૃષ્ટિથી શિક્ષકોના કે વિદ્યાર્થીઓના સમૂહ બનાવી રજૂઆત કરે અને જરૂરી બાબતો પર ચર્ચા કરે. ‘અનુસારની ઉપયોગીતા’ ‘ભાષામાં અલંકાર’ વગેરે બાબતે શિક્ષક અથવા વિદ્યાર્થીઓના સમૂહની વચ્ચે સંવાદ થાય એટલે પરિસંવાદ.
- 10. મુક્ત ચર્ચા:- ભાષા, શાળા, સમાજના જ્વલંત મુદ્દા પર ખૂલ્લી ચર્ચા, જેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ સહભાગી બને ચેરમેન કે અધ્યક્ષ હોતાં નથી. એકાદ સભ્ય ચર્ચાની શરૂઆત કરે. સૌ પોત પોતાનો મંતવ્ય વ્યક્ત કરે, કોઈ નિષ્કર્ષ નહીં.

# માતૃભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

- 11. સ્વાધ્યાય પદ્ધતિ :- પ્રાચીન સંકલ્પના ગૃહકાર્ય પૂરતી સીમિત હતી હવે શિક્ષક દ્વારા તૈયાર કરેલા સ્વાધ્યાય કરતાં વિદ્યાર્થી સ્વ પ્રયાસથી જ્ઞાન પ્રાપ્તિ કરે છે. સ્વાધ્યાયએ સ્વઅધ્યયનની પ્રવૃત્તિ બની છે. સ્વાધ્યાય વ્યક્તિગત અથવા સમૂહ કે નાના જૂથમાં આપી શકાય છે. તેમાં શિક્ષકનું માર્ગદર્શન ઓછામાં ઓછું હોય છે.
- 12. નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ :-આ પદ્ધતિ સ્વાધ્યાય પદ્ધતિનું જ વિકસિત સ્વરૂપ છે. સ્વાધ્યાય વિદ્યાર્થી શિક્ષકની ગેરહાજરીમાં જાતે કરે છે પણ જો વિદ્યાર્થી શિક્ષકની હાજરીમાં સ્વાધ્યાય કરે તો તે નિરીક્ષિત અભ્યાસ પદ્ધતિ કહેવાય છે. શિક્ષક વિદ્યાર્થીઓને નિશ્ચિત એકમ આધારિત પ્રશ્નો આપી દે છે. વિદ્યાર્થીઓ વર્ગમાં શિક્ષકની ઉપસ્થિતિમાં જાતે પ્રશ્નોના જવાબ શોધે છે. શિક્ષક ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરે છે જરૂર પડે ત્યાં માર્ગદર્શન પણ આપે છે. આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને સ્વાધ્યાય વ્યક્તિ રીતે આપવામાં આવે છે.

# માતૃભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

- 13.અભિક્રમિત અધ્યયન:- તજ્જ્ઞો શિક્ષકો દ્વારા નિશ્ચિત ફ્રેમમાં પાઠ્ય સામગ્રી તૈયાર કરવામાં આવે છે. સમગ્ર એકમને નાના નાના સોપાનોમાં વહેંચી દેવામાં આવે છે. વિદ્યાર્થી પ્રતિચાર દ્વારા તેનો ક્રમિક અભ્યાસ કરે છે. ઉત્તેના અને પ્રતિચારના સિદ્ધાંત પ્રમાણે વિદ્યાર્થી શીખે છે. વિદ્યાર્થી સ્વગતિ પ્રમાણે પ્રગતિ કરે છે. વિદ્યાર્થી ભૂલ દ્વારા શીખે છે તે સિદ્ધાંતને પણ સ્વીકારવામાં આવે છે.જ્ઞ શિક્ષકો દ્વારા નિશ્ચિત ફ્રેમમાં પાઠ્ય સામગ્રી તૈયાર કરવામાં આવે છે. સમગ્ર એકમને નાના નાના સોપાનોમાં વહેંચી દેવામાં આવે છે. વિદ્યાર્થી પ્રતિચાર દ્વારા તેનો ક્રમિક અભ્યાસ કરે છે. ઉત્તેના અને પ્રતિચારના સિદ્ધાંત પ્રમાણે વિદ્યાર્થી શીખે છે. વિદ્યાર્થી સ્વગતિ પ્રમાણે પ્રગતિ કરે છે. વિદ્યાર્થી ભૂલ દ્વારા શીખે છે તે સિદ્ધાંતને પણ સ્વીકારવામાં આવે છે.

# માતૃભાષા શિક્ષણની વિવિધ પદ્ધતિઓ

- 14. નાટક (Drama):- વિવિધ વ્યવસાયવાળા વ્યક્તિ જેવા કે ડૉક્ટર, પોલીસ, સૈનિકનો અભિનય, ઐતિહાસિક પાત્રો રાણી લક્ષ્મીભાઈ, શિવાજી મહારાજના જીવનના પ્રસગે કે સમાજને પ્રેરણા સાથે એવા પ્રસંગો પર વિદ્યાર્થીઓ નાના સહજ સંવાદોનો ઉપયોગ કરી ડ્રામા કરે છે. રોલ પ્લે, એકપાત્રીય અભિનય, માઈમ વગેરેનો પણ આમાં જ સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓની કથન અને અભિનય કલાનો ખૂબ જ વિકાસ થાય છે.
- 15.સંવાદ:- પાઠમાં આવતા વિવિધ પાત્રોનાં નાના નાના સંવાદો વિદ્યાર્થી જાતે રચે અથવા વિદ્યાર્થી શિક્ષકની મદદથી સંવાદ રચે અને બોલે. મોટા વિદ્યાર્થી જાતે જ રચી અને બોલી શકે છે.

# Thankyou